પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News
RNI NO:- 67073/97
વર્ષઃ૨૪, અંકઃ૨૮૩, કુલ પાનાઃ૪, તારીખઃ ૨૪-૦૭-૨૦૨૧ શનિવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 283 PRICE :-RS. 1.50 DATE : 24-07-2021
EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
Whatsapp No.9712880678
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

પંચમહાલ સમાચાર
ઈ-પેપર જોવા વોટ્સએપ પર
નામ લખી મેસેજ કરો.
મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### મહારાષ્ટ્રમાં જળપ્રલયની સ્થિતિ, અનેક ગામો સંપર્ક વિહોણા

## મહારાષ્ટ્રમાં જળ બંબાકારઃ ત્રણ સ્થળે ભૂસ્ખલનથી ૪૪થી વધુના મોત





મુંબઈ,

મહારાષ્ટ્રના રાયગઢ જિલ્લામાં ભૂસ્ખલન થયા બાદ કાટમાળમાં દબાઈ જવાથી ૪૪ લોકોના મોત થયા છે. મહાડ વિસ્તારમાં અલગ અલગ ત્રણ જગ્યાએ ભૂસ્ખલન થયું છે. પહાડ ધસી પડવાથી જે કાટમાળ પડ્યો તેમાં અનેક લોકો દટાયા. હવે રેસ્ક્યૂ કરીને લોકોને બહાર કાઢવામાં આવી રહ્યા છે.

જો કે શુક્રવારે બપોર સુધી ૩૫ મૃતદેહો મળી આવ્યા છે. જ્યારે હજુ પણ ૩૦થી ૩૫ લોકો ફસાયેલા હોવાની આશંકા છે. મળતી માહિતી મુજબ અત્યાર સુધીમાં કુલ ૧૫ લોકોને રેસ્ક્યૂ કરાયા છે. જ્યારે એનડીઆરએફની ટીમ ઘટના સ્થળે રેસ્ક્યૂ ઓપરેશન કરી રહી છે.

મહારાષ્ટ્રમાં આજે સવારે મુંબઈમાં પણ અકસ્માત થયો. પૂર્વત્તર મુંબઈના પરા વિસ્તાર ગોવંડીમાં એક ઈમારત ધસી પડવાથી ઓછામાં ઓછા સાત લોકો માર્યા ગયા અને ૧૦ જેટલા લોકો ઘાયલ થયા છે. આ ઘટના સવારે ૫ વાગે ઘટી. જ્યારે શિવાજી નગરમાં એક ઈમારત તૂટી પડી. ઘટના સમયે પીડિતો ઊંઘી રહ્યા હતા.

બીજી તરફ રાયગઢના તલઈ ગામમાં ૩૫ ઘરો પર ભૂસ્ખલન થયુ હતુ જેને કારણે ૩૨ લોકોના મોત થયા છે જ્યારે ૭૦થી વધુ લોકો લાપતા થયા છે. રત્નાગિરી જિલ્લામાં જગબુડી નદી ખતરાના નિશાનથી ૨ મીટર અને વશિષ્ઠ નદી ખતરાના નિશાનની નજીક એક મીટર ઉપર વહી રહી છે. કજલી, કોડાવલી, શાસ્ત્રી અને બાવંડી નદીએ પણ ખતરાના નિશાનને પાર કરી લીધો છે. કુંડલિકા, અંબા, સાવિત્રી, પાતાલગંગા, ગઢી અને ઉલ્હાસ નદી પણ ચેતવણીના સ્તર પર વહી રહી છે.

વરસાદને કારણે કોંકણ રેલ રૂટ પર કેટલીક જગ્યાએ લેન્ડસ્લાઇડ થઈ છે. રત્નાગિરી જિલ્લામાં વરસાદને કારણે રેલ સર્વિસ બંધ થઈ ગઈ હતી, તેનાથી અલગ-અલગ જગ્યાઓ ઉપર આશરે ૬ હજાર મુસાફર ફસાયેલા છે, તેમણે બહાર કાઢવા માટે દ્વદ્બઈહ્વની ટીમોને લગાવવામાં આવી છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન મહારાષ્ટ્રના ચિપલૂન, કોલ્હાપુર, સતારા, અકોલા, યવતમાલ, હિંગોલી જિલ્લામાં ભારે વરસાદ પડ્યો છે. ચિખલી વિસ્તારમાં ભારે વરસાદને કારણે લોકોના ઘરમાં પાણી ભરાઈ ગયુ છે. અહી પણ NDRFની ટીમ રેસક્યૂ કરી રહી છે. ઉલ્લેખનીય છે કે મહારાષ્ટ્રમાં અત્યારે અતિભારે વરસાદ પડી રહ્યો છે. જેના કારણે જનજીવન ખોરવાયું છે. સતારાના મહાબળેશ્વર હિલ સ્ટેશન પર ૪૮૦ એમએમ વરસાદ નોંધાયો છે. જે ૪૫ વર્ષનો રેકોર્ડ બ્રેક કરી ચૂક્યો છે. મહાબળેશ્વરના સતારાથી સંપર્ક તૂટ્યો છે કેમકે બંનેને જોડતો રસ્તો પૂરમાં વહી ચૂક્યો છે.

મહારાષ્ટ્રમાં વરસેલા મુશળધાર વરસાદથી જળબંબાકારની સ્થિતિ સર્જાય છે. સાથે જ અનેક જિલ્લામાં જનજીવન પ્રભાવિત થયું છે. થાણે, રાયગઢ, રત્નાગીરી, સિંધુદુર્ગ અને કોલ્હાપુર સહિતના પાંચ જિલ્લામાં મેઘતાંડવથી હજારો લોકોનું જનજીવન અસ્તવ્યસ્ત થયું છે. મુશળધાર વરસાદથી મહારાષ્ટ્રની લગભગ તમામ નદીઓ ગાંડીતૂર બની છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું હતું કે મહારાષ્ટ્રના રાયગઢ જિલ્લામાં ભારે વરસાદ અને ભૂસ્ખલનના લીધે બનેલો બનાવ દુઃખદ બાબત છે. મેં આ અંગે મુખ્યપ્રધાન ઉદ્ધવ ઠાકરે અને એનડીઆરએફના ડીજી એસએન પ્રધાન સાથે વાત કરી છે. એનડીઆરએફની ટીમ રાહત અને બચાવકાર્યમાં લાગેલી છે. કેન્દ્ર ત્યાં શક્ય તેટલી બધી મદદ કરી રહ્યું છે.

મહારાષ્ટ્રના મુખ્યપ્રધાન ઉદ્ધવ ઠાકરેએ જણાવ્યું હતું કે રાયગઢ જિલ્લાના તલાઈ ગામમાં ભૂસ્ખલનના લીધે કેટલાય લોકોએ જીવ ગુમાવ્યા છે. કેટલાય સ્થળે બચાવકાર્ય જારી છે. મેં લોકોને નીકાળવાની સાથે ભૂસ્ખલન પ્રભાવિત ક્ષેત્રોમાં રહેતા લોકોને બીજે સ્થળાંતર કરવાનો આદેશ આપ્યો છે.

## અત્યારે બે બાળકોની નીતિ લાવવાની કોઇ યોજના નથીઃ સરકાર

ન્યુ દિલ્હી,

ઉત્તર પ્રદેશમાં બે બાળકોની નીતિ લાગું થયા પછી આખા દેશમાં આ નીતિ લાવવાની વાતો ચાલી રહી હતી. ત્યારે હવે દેશની મોદી સરકારે બે બાળકોની નીતિને લઈને લોકસભામાં મોટું નિવેદન આપ્યું છે. સરકારે ફરી એકવાર કહ્યું છે કે, અત્યારે બે બાળોકની નીતિ લાવવાની કોઈ યોજના નથી. સાંસદ ઉદય પ્રકાશસિંહ દ્વારા આ પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો. જેના જવાબમાં રાજ્યકક્ષાના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી ભારતી પવારે જણાવ્યું કે, અત્યારે બે બાળકોની નીતિ લાવવાની કોઈ યોજનાન નથી. સંસદના ચોમાસુ સત્રમાં આજે ભાજપના ત્રણ અને જનતાદળ(યુ)ના એક સાંસદ લોકસભામાં જનસંખ્યા નિયંત્રણ કાયદોની માંગને લઈને પ્રાઈવેટ મેમ્બર બિલ રજૂ કરવાના હતા. જોકે, આ બિલ કરી શકાયા નથી. ભાજપ તરફથી ગોરખપુરના સાંસદ રવિ કિશનનું નામ પણ આમા સામેલ હતું. નોંધનીય છે કે, ઉત્તર પ્રદેશની સરકાર પણ પોતાના રાજ્યમાં જનસંખ્યા નિયંત્રણ કાયદાનો ડ્રાફ્ટ કરવાની તૈયારીમાં છે.

લોકસભાના સાંસદોના ડેટા પ્રમાણે, કુલ ૫૪૦માંથી ૧૬૮ સાંસદોને બેથી વધુ બાળકો છે. જેમાંથી ૧૦૫ સાંસદો ભાજપના છે. ભાજપના આ ૧૦૫ સાંસદોમાંથી ૬૬ ત્રણ સંતાનો છે. જ્યારે ૨૬ સાંસદોને ૪ અને ૧૩ સાંસદોને ૫ સંતાનો છે. જ્યારે ત્રણ સાંસદ AIUDFના મૌલાના બદરૂદીન અજમલ, જદ(યૂ)ના દિલેશ્વર કમૈત અને અપના દળના પકૌડી લાલને ૭-૭ સંતાનો છે.

## દેશમાં ધનવાનો અને ગરીબો માટે જુદો-જુદો કાયદો ન હોઈ શકેઃ સુપ્રીમ



ન્યુ દિલ્હી,

એમપી કોંગ્રેસના નેતા દેવેન્દ્ર ચોરસિયાની હત્યાના કેસની સુનાવણી કરતી વખતે સુપ્રીમ કોર્ટે મહત્વની ટીપ્પણી કરી હતી. સુપ્રીમ કોર્ટે કહ્યું હતુ કે દેશમાં ધનવાનો અને ગરીબો માટે અલગ અલગ કાયદો હોઈ ન શકે. જે કાયદો ગરીબોને લાગુ પડે છે એ જ કાયદો ધનવાનોને પણ લાગુ પડે છે.

ન્યાયમૂર્તિ ડી વાઈ ચંદ્રચૂડ અને ન્યાયમૂર્તિ એમ આર શાહની બેંચે મધ્યપ્રદેશ કોંગ્રેસના નેતા દેવેન્દ્ર ચોરસિયાની હત્યાના કેસમાં સુનાવણી કરી હતી. નીચલી કોર્ટે આરોપીના જામીન મંજૂર કરી દીધા હતા. તેને રદ્ કરીને સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે દેશમાં જે કાયદો સામાન્ય લોકોને લાગુ પડે છે એ જ કાયદો ધનવાન અને રાજકીય વગ ધરાવતા લોકોને લાગુ પડે છે. રાજકીય પાવર હોય એટલે કાયદામાં છૂટછાટ મળી શકે નહીં.

દેવેન્દ્ર ચોરસિયાની હત્યા મુદ્દે મધ્યપ્રદેશના બહુજન સમાજ પાર્ટીના ધારાસભ્યના પતિને અગાઉ નીચલી કોર્ટે જામીન આપી દીધા હતા. તે સંદર્ભમાં સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે ન્યાયમૂર્તિના વ્યકિતગત નિર્ણય લેવામાં અને સંબંધિત કાયદા અંતર્ગત કાર્યવાહી કરવામાં ન્યાયપાલિકાના સિદ્ધાંતોનું ઉલ્લંઘન થવું ન જોઈએ. ન્યાયપાલિકા અને કાર્યપાલિકાના વિભાજનમાં ઉલ્લંઘન થવું ન જોઈએ. ન્યાયતંત્ર રાજકીય દખલગીરીથી મુકત રહેવું જોઈએ. ન્યાયપાલિકા ઉપર રાજકીય દબાણ કરવાનું વલણ બિલકુલ યોગ્ય નથી.

સુપ્રીમ કોર્ટના ન્યાયમૂર્તિઓએ કહ્યું હતું કે કાયદો ધનવાનો અને ગરીબો એમ બધા માટે સમાન છે. જે કેસમાં ગરીબ આરોપીના જામીન મંજૂર ન થઈ શકે એવા જ બીજા કેસમાં ધનવાન આરોપીના જામીન મંજૂર થાય તે યોગ્ય નથી. જિલ્લા કક્ષાની ન્યાયપાલિકા સાથે અંગ્રેજોના સમયનું વર્તન વગદાર લોકોએ બદલવું પડશે. ન્યાયતંત્ર સત્યની સાથે ઊભું રહે છે ત્યારે ઘણાં વગદાર લોકો તેમાંના લોકોને નિશાન પણ બનાવતા હોય છે, જે બિલકુલ યોગ્ય નથી.

સુપ્રીમ કોર્ટે મહત્વની ટીપ્પણી કરતા ઉમેર્યું હતું કે દેશમાં ઘણાં લોકો હજુય અંગ્રેજો વખતની માનસિકતામાં જીવે છે અને માને છે કે ધનવાનો ઉપર સુધી સંપર્ક લગાવીને છૂટછાટ મેળવી લેશે. પરંતુ દેશના બંધારણમાં હવે એ શકય નથી. રાજકીય વગદાર, ધનવાન અને સાધન સંપન્ન માણસે પણ એ જ કાયદો પાળવો પડશે, જે કાયદો દેશનો સામાન્ય ગરીબ અને છેવાડાનો માણસ પાળે છે.

## પેગાસસ જાસુસી કાંડ મામલે ગુજરાત કોંગ્રેસે રાજભવન ખાતે વિરોધ પ્રદર્શન કર્યું



ગાંધીનગર,

ભાજપ સરકાર દ્વારા પેગાસસ માલવેર મારફતે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી તેમજ દેશના અન્ય મહાનુભાવોની ગેરકાયદેસર, ગેરબંધારણીય રીતે સેલફોન હેકિંગ બાબતે નામદાર સુપ્રિમ કોર્ટના ન્યાયાધીશ મારફતે તપાસ કરાવવાની માંગણી સાથે ગુજરાત કોંગ્રેસ પ્રદેશ અધ્યક્ષ, વિરોધપક્ષ નેતા તેમજ ધારાસભ્યો સહિત સ્થાનિક નેતાઓ અને કાર્યકરોએ રેલી યોજી રાજભવન ખાતે હલ્લાં બોલ કરી રાજ્પાલને આવેદન પત્ર આપવામાં આવ્યું હતું. ત્યારે પોલીસ દ્વારા કોંગ્રેસના અનેક ધારાસભ્યો તેમજ નેતાઓની અટકાયત કરવામાં આવી હતી. સમગ્ર દેશ અને દુનિયાને હચમચાવી નાખે તેવા ઈઝરાઈલના એનએસઓ કંપનીના પેગાસસ સોફ્ટવેર/માલવેર દ્વારા ફોન હેકિંગથી ભારતમાં વિરોધ પક્ષના નેતાઓ, શાસક પક્ષના અમુક નેતાઓ, ટોચના પત્રકારો, માનવ અધિકાર માટે લડતા કર્મશીલો, સુપ્રીમ કોર્ટના જજો તથા તેના સ્ટાફ, ચુંટણી પંચના કમિશ્નર સહિતના અંદાજે ૩૦૦ જેટલા ફોન હેક કરવાની ઘટનાને ભારતની જનતાના સ્વતંત્ર જીવન જીવવાના અધિકાર ઉપર તરાપ મારનાર અને શાસન ટકાવી રાખવા માટે બંધારણ અને રાજનીતિક પ્રક્રિયા સાથે ચેડા કરવા સમાન છે. ગુજરાતમાં વર્ષ ૨૦૧૭ અને ૨૦૨૦ની રાજ્યસભાની ચુંટણીઓ વખતે તથા વર્તમાન સમયમાં કોંગ્રેસ પક્ષના અને ભાજપના ટોચના નેતાઓના ફોન હેકિંગ દ્વારા જાસુસી થઈ રહી હોવાનો આક્ષેની શંકા સાથે કોંગ્રેસનાં ધારાસભ્યો અને નેતાઓ દ્વારા આજે વિરોધ પ્રદર્શન ગાંધીનગર ખાતે કરવામાં આવ્યો હતો અને રાજ્યપાલને આવેદન પત્ર આપવામાં આવ્યું હતું. જેમાં જણાવાયું છે કે પેગાસસ સોફ્ટવેર/માલવેર દ્વારા ફોન ટેપીંગની ઘટના અંગે ફ્રાંસમાં પત્રકારો અને રાજકારણીઓના ફોન હેકિંગ કરવાની ઘટનાની તપાસ શરૂ કરી દેવામાં આવી છે, પરંતુ ભારતમાં આ પેગાસસ માલવેર દ્વારા અંદાજે ૩૦૦ જેટલા મહાનુભાવોના ફોન હેક કરીને જાસુસ કરાઈ હોવાની ઘટનાનો સ્વીકાર કરવાની ભાજપની સરકાર ઈન્કાર કરી રહી છે. પેગાસસ દ્વારા કર્ણાટક અને મધ્યપ્રદેશની ચુંટાયેલ સરકારને ઉથલાવવામાં કોંગ્રેસના આગેવાનોના ફોન હેક કરીને જાસુસી કરાઈ હોવાની પ્રબળ શંકા છે.

## જમ્મુ-કાશ્મીરમાં સુરક્ષાદળોએ ડ્રોન તોડી પાડ્યુઃ ૫ કિલો IED જપ્ત

શ્રીનગર,

જમ્મુ કાશ્મીર ખાતે સુરક્ષા દળોને ભારે મોટી સફળતા મળી છે. અખનૂર ખાતે પોલીસે એક ડ્રોનને નીચે પાડી દીધું હતું. જાણવા મળ્યા મુજબ પોલીસને ડ્રોનમાંથી આઈઈડીનો જથ્થો પણ મળી આવ્યો છે. જમ્મુ કાશ્મીરમાં છેલ્લા ૧ મહિનાથી ડ્રોનની ગતિવિધિઓ તેજ થઈ છે. અહીં ૨૭ જૂનના રોજ ભારતીય વાયુસેના સ્ટેશન પર વિસ્ફોટક પાડવા માટે ડ્રોનનો ઉપયોગ થયો હતો. જાણવા મળ્યા મુજબ ડ્રોનમાંથી ૫ કિલો આઈઈડીનો જથ્થો મળી આવ્યો છે. આતંકવાદીઓ તેને અસેમ્બલ કરીને તેનો ઉપયોગ કરવાના હતા. એજન્સીઓ દ્વારા એ અંગે તપાસ કરવામાં આવી રહી છે કે, શું લશ્કર પાછલી વખતની જેમ આતંકવાદી હુમલા માટે આ પદ્ધતિનો ઉપયોગ કરવાનું હતું. ડ્રોન આંતરરાષ્ટ્રીય સરહદથી ૮ કિમી અંદર મળી આવ્યું હોવાનું કહેવામાં આવ્યું છે. આ તરફ સોપોર ખાતે સુરક્ષા દળો અને આતંકવાદીઓ વચ્ચે અથડામણ થઈ હતી જેમાં લશ્કરના કમાન્ડર સહિત ૨ આતંકવાદીને ઠાર મારવામાં આવ્યા છે. તે પૈકીનો એક આતંકવાદી ફયાજ નાગરિકો અને સુરક્ષા દળો પર અનેક હુમલાઓ અને હત્યામાં સામેલ હતો. ગત ૨૭ જૂનના રોજ આઈએએફ સ્ટેશન પર થયેલા ડ્રોન હુમલામાં ૨ વ્યક્તિને સામાન્ય ઈજાઓ પહોંચી હતી. જોકે હાઈ સિક્યોરિટી ઝોનમાં આ પ્રકારની ઘટના સામે આવી ત્યાર બાદ એજન્સીઓ એક્ટિવ મોડમાં આવી ગઈ હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ડ્રોનના નવા જોખમને ધ્યાનમાં રાખીને ઉચ્ચ સ્તરીય બેઠક પણ બોલાવી હતી.





કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

**જય જલારામ ગ્રા. ભંડાર**

મુ. મસવાડ,
તા. હાલોલ


કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

**અમીન ફારૂક ઈબ્રાહીમ**

મુ. ગોલી,
તા. ગોધરા

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

# દાહોદ પાલિકામાં ૨૭ જુલાઈની સામાન્ય સભામાં વિવિધ સમિતિના ચેરમેનની વરણી કરાશે

દાહોદ, તારીખ ૨૭મી જુલાઈના રોજ દાહોદ નગરપાલિકાની સામાન્ય સભા મળનારી છે. ચુંટણીનો માહોલ શાંત થયાના મહિનાઓ વિતી જોવાનું રહ્યું.

દાહોદ નગરપાલિકાની ભુતકાળમાં યોજાયેલ ચુંટણીમાં ભાજપે પોતાનો ભગવો લહેરાવી દાહોદ નગરપાલિકામાં કબજો યથાવત રાખ્યો છે. ૩૨ બેઠકો

## મલાઈદાર ખાતાના ચેરમેન માટે ધમધમાટ શરૂ થયો

ગયાં બાદ પણ પાલિકામાં ચેરમેનોની વરણી થઈ નથી. ત્યારે ૨૭મી જુલાઈના રોજ મળનારી સામાન્ય સભામાં ચેરમેનોની વરણી થનાર હોવાનું જાણવા મળી રહ્યું છે. ત્યારે પાલિકા હસ્તકના મલાઈદાર ખાતા લેવા માટે દાવેદારો દ્વારા ગોડ ફાધરોના શરણે જઈ રહ્યાં હોવાનું ભારે ચર્ચાઓએ જોર પકડ્યું છે. ત્યારે આવનાર દિવસોમાં આ ચેરમેનોની વરણી કેવા પ્રકારનું રૂપ ધારણ કરશે તે ઉપર ભાજપાએ જીત મેળવી છે. ઘણા મહિનાઓ વિતી ગયાં બાદ પણ દાહોદ નગરપાલિકામાં વિવિધ ખાતાઓમાં ચેરમેનોની વરણ થઈ નથી. ત્યારે જાણવા મળ્યાં અનુસાર, આગામી ૨૭મી જુલાઈના રોજ દાહોદ નગરપાલિકાની સામાન્ય સભા યોજાનાર છે. આ સમાન્ય સભામાં ચેરમેનોની વરણી થવાની હોવાનું પણ સામે આવ્યું છે. ત્યારે મલાઈદાર ખાતા લેવા માટે દાવેદાર કાઉન્સીલરો ગોડફાધરો તેમજ ઉપલા લેવલ સુધી પોતાની પહોંચ દોડાવી રહ્યાં છે. કારણ કે, આવનાર દિવાળીના સમય પહેલા દાહોદ શહેરના તમામ નવીન રસ્તાઓ બનશે તેમાં બાંધકામ સમિતિના હસ્તક હોઈ આ એક મલાઈદાર ખાતુ લેવા માટે પોતાની વગ અજમાવી રહ્યાં છે. અગાઉ એક વર્ષની ચેરમેનશીપ હતી હવે અઢી વર્ષની થઈ ગઈ એટલે અઢી વર્ષ સુધી ચેરમેનશીપ મળ્યાં પછી મલાઈદાર ખાતામાં પોતાનું પ્રભુત્વ જમાવી રાખવા કાઉન્સીલરોમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

દાહોદ નગરપાલિકમાં આ વખતે ૩૨ બેઠકો આવેલી હોય ભાજપનું મહોડી મંડોળ પણ કસ્મકસ્મમાં છે કે, ચેરમેનશીપ કોણે આપવી અને કોણે ન આપવી? તેનું ભવિષ્ય તો હાલ ગર્ભમાં છે પરંતુ હાલમાં તો પાલિકાના જુના જોગીયો, સુધરાઈ સભ્યો ગોડફાધરોના શરણે દોડ લગાવી રહ્યાં છે. ચેરમેનશીપમાં કોનું પત્તુ કપાશે અને કોને મલાઈદાર ખાતુ મળશે તે જોવાનું રહ્યું. આવનાર દિવસોમાં રાજકીય માહોલ ગરવામાના એંધાણો સહિત અંદરો અંદર નારાજગીરોન દૌર પણ શરૂં થવાના એંધાણો વર્તાઈ રહ્યાં છે. વધુમાં જાણવા મળ્યાં અનુસાર, પાંચ કાઉન્સીરો ચેરમેનોની વરણીના દાવેદારો ગણવામાં આવી રહ્યાં છે જેમાં ૦૨ જુના જોગીઓ અને ૦૩ નવા કાઉન્સીલરોનો સમાવેશ થાય છે.

# સંજેલી તાલુકા વિકાસ અધિકારીનો વિદાય સમારંભ યોજાયો



તસ્વીર : ફરહાન પટેલ, સંજેલી

સંજેલી, સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ મુજબ ડાયરેક્ટ ભરતી થયેલ થઈ ૫૩ દિવસ માટે સ્વતંત્ર નાયબ કલેક્ટરનો ચાર્જ સંભાળતા પૂર્વ વિવિધ વિભાગોમાં ફરજ બજાવાની હોય છે. તેના અનુસંધાને સંજેલી ખાતે હરેશ મકવાણાની તાલુકા વિકાસ વિકાસ અધિકારી તરીકે નિમણુંક કરવામાં આવી હતી. આજ રોજ ૫૩ દિવસ પૂર્ણ થતાં વિદાય સભારંભ યોજાયો હતો. જેમાં તલાટીઓ,સ્ટાફ દ્વારા લાગણીસભર વિદાય વેળાએ શુભેચ્છાઓ પાઠવી હતી. કર્મચારીઓ, તલાટીઓને વિદાય વેળાએ માર્ગદર્શન આપી પ્રજાલક્ષી કામગીરી કરતા રહો તેવું સલાહ, માર્ગદર્શન આપ્યું હતું.

સંજેલી ખાતે ૫૩ દિવસની કામગીરીમાં તેઓના કાર્યકાળમાં સંજેલી તાલુકાની તસ્વીર બદલાતા જોઈ છે. તેના સૌ તાલુકાવાસીઓ સાક્ષી છે. તેઓના કાર્ય, પદ્ધતિ, લાગણી સભર સ્વભાવના કારણે તેઓને એકજ હેતુ હતો. સરકારના વિવિધ યોજનાઓના લાભો સાચા લાભાર્થી લાભ લે તે દિશામાં કાર્ય કરીને સાચા લાભાર્થીઓને લાભ અપાવ્યા હતા. તલાટીઓ તેમજ અધિકારીઓએ વિદાય સભારંભના દિવસે હરેશ મકવાણાની કામગીરીના વખાણ કરી પ્રસંશા કરી હતી. અને કલેક્ટર બને તેવી શુભેચ્છાઓ અભિનંદન પાઠવ્યા હતા. વિદાય સભારંભ વેળાએ સંજેલી તાલુકા પંચાયતના પ્રમુખ ભુપેન્દ્ર સંગાડા, અરવિંદ પીઠાયા, મહેંદીપ પલાસ, મહેન્દ્ર પલાસ, જગદીશ પરમાર, તાલુકાના તલાટીઓ, તાલુકાના પંચાયતના સ્ટાફ મિત્રો હાજર રહ્યા હતા.

# ફતેપુરા તાલુકાના સરસવા પૂર્વના ઈસમ દ્વારા ૧૬ વર્ષીય સગીરાનું અપહરણ : ગુનો નોંધાયો

ફતેપુરા, ફતેપરા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં સગીરાઓ તથા પુખ્ત વયની મહિલાઓને અપહરણનો શિકાર બનાવી ભગાવી જવાના કિસ્સાઓ દિનપ્રતિદિન વધતા જઈ રહ્યા છે. જે પૈકી મોટાભાગના કિસ્સાઓમાં સમાધાન કરાવી લેવાતા પ્રકાશમાં આવતા નથી. જયારે ગણયાગાંઠ્યા કિસ્સાઓ પ્રકાશમાં આવી રહ્યા છે. તે સામાજિક વ્યવસ્થા માટે ચિંતાજનક છે. જયારે કેટલીક પુખ્ત વયની કન્યાઓ અને મહિલાઓને અપહરણકારો દ્વારા માનસિક રીતે મજબૂર બનાવી ભગાવી જવાના કિસ્સાઓ પણ બની રહ્યા છે અને તેમાં પણ સમાધાન કરાવી લેવાતા ક્યારેક ફતેપુરા તાલુકામાં પશ્ચિમી સંસ્કૃતિ પકડ જમાવી રહી હોય તેવો અહેસાસ થઇ રહ્યો છે. ખોરવાતી સામાજિક વ્યવસ્થાને ટકાવી રાખવા લોકજાગૃતિ જરૂરી હોવાનું જણાય છે.

જાણવા મળેલી વિગતો મુજબ ફતેપુરા તાલુકાના એક ગામની ૧૬ વર્ષ ૧ માસની સગીરાનું ૧૦જુલાઈ-૨૦૨૧ના રોજ પોતાના ઘરેથી ફોઈના ઘરે જવાનું જણાવી નીકળ્યા બાદ સરસવા પૂર્વ ગામના પાંચ સંતાનના પિતા શાંતિલાલ મંગળાભાઈ ડામોરે લલચાવી, પટાવી, ફોસલાવીને અથવા તો ધાક-ધમકી આપી તેના ઘરમાં પત્ની તરીકે રાખવાના ઈરાદાથી અપહરણ કરી ગયો હતો. ત્યારબાદ સગીરાના પિતાને જાણ થતા સરસવા પૂર્વ ગામે જઈ અપહરણકારના પિતાને વાત કરતાં હાલ સગીરા તથા અપહરણકાર શાંતિલાલની તપાસ ચાલુ હોવાનું અને સગીરા મળી આવ્યેથી સગીરાનો કબજો પરત સોંપી દેવા જણાવેલ. પરંતુ સમય થવા છતાં કબજો પરત નહીં શોપતાં સગીરાના પિતાએ સુખસર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપતા અપહરણકાર શાંતિલાલ મંગળાભાઈ ડામોરની વિરૂદ્ધમાં અપહરણ, ગેરકાયદેસર ગોંધી રાખવા સહીત પોકસો કલમ-૮ મુજબ કાયદેસરનો ગુનો દાખલ કરી અપહરણકારની ધરપકડના ચક્રો ગતિમાન કર્યા હોવાનું જાણવા મળે છે. જોકે આ ગુનામાં સગીરા મળી આવ્યે બળાત્કારની કલમનો ઉમેરો થઈ શકે તેવી શક્યતા પણ જણાઈ રહી છે.

# દાહોદ જીલ્લામાં આજરોજ ૧ કોરોના પોઝીટીવ કેસ નોંધાયો

દાહોદ, દાહોદ જિલ્લામાં છેલ્લા ત્રણ - ચાર દિવસથી કોરોનાના એકલ-દોકલ પોઝીટીવ કેસને પગલે વહીવટી તંત્ર કોરોનાની ત્રીજી લહેરનો સામનો કરવા સુસજ્ઝ બન્યું છે. ત્યારે આજે વધુ એક કોરોના પોઝીટીવ કેસ સરકારી ચોંપડે નોંધાયો છે.

આર.ટી.પી.સી.આર. અને રેપીટ ટેસ્ટના કુલ ૨૬૦૭ પૈકી આજે ૦૧ કોરોના પોઝીટીવ કેસ નોંધાયો છે. અગાઉ પણ આતરે દિવસે એક - બે કેસ નોંધાયાં હતા. દાહોદ જિલ્લામાં કોરોનાના કુલ એક્ટીવ કેસની સંખ્યા ધીરે ધીરે ગતિ પકડી રહી છે. ૧૦ દર્દીઓ હાલ કોરોનાની સારવાર લઈ રહ્યાં છે. જિલ્લામાં કોરોનાનો કુલ આંકડો ૭૧૨૩ને આંબી ગયો છે. કોરોનાથી કુલ મૃત્યુઆંક ૩૩૮ને પાર થઈ ગયો છે. આજનો ૦૧ કોરોના પોઝીટીવ કેસ દાહોદ ગ્રામ્ય વિસ્તારમાંથી નોંધાયો છે.

# ગૃહકલેશના કિસ્સામાં પીડિત મહિલાને બચાવી પરિવારમાં સમાધાન કરાવતી દાહોદની મહિલા અભયમ ટીમ




દાહોદ, દાહોદમાં એક ગૃહકલેશના કિસ્સામાં પીડિત મહિલાને સાથ આપી દાહોદની મહિલા અભયમ ટીમે પરિવારમાં સમાધાન કરાવ્યું હતું. વાત એમ હતી કે, દાહોદના કોઈ એક ગામમાંથી એક યુવતીનો ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઇનમાં કોલ આવ્યો કે તેમના ભાભી દરરોજ હેરાન કરે છે અને વાત હિંસા સુધી પહોંચી છે. અભયમ રેસ્ક્યુ ટીમ દાહોદ તાત્કાલિક સ્થળ પર પહોંચી યુવતીના ભાઇ-ભાભીને કડક શબ્દોમાં સૂચના આપી આ રીતે હેરાન-પરેશાન નહીં કરવા જણાવ્યું હતું. જેમાં બંનેએ માફી માગતા ફરી ક્યારેય આવું ન કરવા એકરાર કર્યો હતો.

આ મહિલાના છુટાછેડા થયાં છે અને પિયરમાં માવતર સાથે રહેતા હતા. પરંતુ બે મહિના પહેલા પિતાનું કોરોનાને કારણે અવસાન થયું હતું. જેથી તેમના ભાઈ-ભાભી ઘરેથી જતા રહેવા અવારનવાર જણાવી ઝગડો કરતાં હતા. તારી કોઈ મિલ્કત નથી બધી અમારી છે એમ કહી વારંવાર દબાણ કરવામાં આવતું હતું. અને આ બાબતને લઈને ઝગડો મોટો સ્વરૂપ લેતાં વાત મારામારી સુધી પહોંચી હતી. જેમાં પીડિત મહિલાએ બચાવ માટે ૧૮૧ મહિલા હેલ્પલાઈનમાં કોલ કરતા અભયમ ટીમે તાત્કાલિક સ્થળ પર પહોંચીને મહિલાની મદદ કરી હતી.

અભયમ ટીમે મહિલાના ભાઈ-ભાભીને સપષ્ટ સમજ આપી હતી કે આ રીતે મહિલાને હેરાન કરવા તે ગુનો બંને છે. મહિલાના ભાઈ-ભાભીએ કોઈપણ પ્રકાર ની હેરાનગતિ નહીં કરવાની ખાત્રી આપતાં સમાધાન કરવામાં આવ્યું હતું.

# ઝાલોદ પાલિકાની સામાન્ય સભામાં ગણતરીની મીનીટોમાં પુરી કરી

ઝાલોદ, ઝાલોદ નગરપાલિકામાં ગઈકાલે સામાન્ય સભામાં સ્થાનિક પત્રકારોને પ્રવેશ બાકાત રખાતાં વિવાદોથી ઘેરાયેલી ઝાલોદ નગરપાલિકામાં વધુ એક ચકચારી ઘટનાક્રમ સાથે યોજાયેલી સામાન્ય સભા ગણતરીની મિનિટોમાં ૧૭ મુદ્દાઓ પાસ કરી દેતાં નગરમાં તરેહ તરેહની ચર્ચાઓ જન્મ લીધો છે.

ઝાલોદ નગરપાલિકાનાં કોર્પોરેટર હિરેન પટેલની હત્યા બાદ વિવાદોમાં આવી હતી. ત્યારે બાદ ઝાલોદ નગરપાલિકાનાં કોર્પોરેટર અંતિમ અગ્રવાલ દ્વારા ઝેરના પારખા કરી સુસાઈટ કરતા ઝાલોદ નગરપાલિકામાં ક્યાંક ને ક્યાંક રંધાયું હોવાની ચર્ચાઓ સાથે વિવાદોએ જન્મ લીધો હતો. જોકે ઝાલોદ નગરપાલિકા વગેરેથી થયેલ હોવાની ચર્ચાઓ આક્ષેપો પ્રતિ આક્ષેપો ની વચ્ચે તપાસની આંટીઘૂંટીમાં ફસાયેલી જોવા મળી રહી છે. જોકે આ બધા ઘટનાક્રમ બાદ કરતા ગઈકાલે ઝાલોદ નગરપાલિકાની સાધારણ સભા યોજવામાં આવી હતી. તેમાં પત્રકારોને બાકાત રાખી યોજાયેલી સામાન્ય સભામાં ગણતરીની મિનિટોમાં ૧૭ મુદ્દાઓ વગર ચર્ચાએ મંજુર કરી દેવાતા શહેરમાં ચર્ચાનો વિષય બન્યો હતો.

# દાહોદના બોરવાણી ગામેથી ૫૫ હજારનો દારૂ ઝડપ્યો

દાહોદ, દાહોદ તાલુકાના બોરવાણી ગામેથી એક બુટલેગરના મકાનમાંથી પોલીસે વિદેશી દારૂ નાની મોટી બોટલો મળી કુલ રૂા.૫૫,૯૫૦નો પ્રોહી મુદ્દામાલ કબજે કર્યાંનું જાણવા મળે છે. જયારે પોલીસને જોઈ બુટલેગર નાસી જવામાં સફળ રહ્યો છે.

ગત તા.૨૨મી જુલાઈના રોજ દાહોદ તાલુકા પોલીસને મળેલ બાતમીના આધારે બોરવાણી ગામે ગરેરા (ખાયા) ફળિયામાં રહેતો કમલેશભાઈ ધિરજીભાઈ પલાસ પોતાના મકાનમાં વિદેશી દારૂનો વેપલો કરતો હોવાની પોલીસને બાતમી મળી હતી. આ બાતમીના આધારે દાહોદ તાલુકા પોલીસે ઓચિંતો છાપો માર્યો હતો. પોલીસને જોઈ કમલેશભાઈ ધિરજીભાઈ પલાસ પોલીસને ચકમો આપી નાસી ગયો હતો. પોલીસે તેના મકાનમાં તલાસી લેતાં તેમાંથી વિદેશી દારૂની નાની મોટી બોટલો નંગ.૪૩૨ કિંમત રૂા.૫૫,૯૫૦નો પ્રોહી જથ્થો કબજે કરી ઉપરોક્ત બુટલેગર વિરૂધ્ધ પ્રોહીનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ડિસેમ્બર સુધી ૧૮ વર્ષથી ઉપરના લોકોનું રસીકરણ પૂર્ણ થઈ જશેઃ સરકાર

ન્યુ દિલ્હી, મોનસુન સત્ર દરમિયાન અત્યાર સુધીમાં બંને ગૃહોની કાર્યવાહી હોબાળાને ભેટ ચઢી ગઈ છે. આ સત્રમાં કોરોના મહામીરનો મુદ્દો સૌથી ગરમ છે. આ દરમિયાન સરકારે કહ્યું છે કે ડિસેમ્બર સુધીમાં ૧૮ વર્ષથી ઉપરના લોકો રસીકરણ પૂર્ણ થઈ જશે. તો બીજી તરફ, રસીકરણ ડ્રાઈવ પર રૂ. ૯૭૨૫.૧૫ કરોડ ખર્ચવામાં આવ્યા છે.

હકીકતમાં, સત્ર દરમિયાન, કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ અત્યાર સુધીમાં ૧૮ પ્લસના રસીકરણ અને ખર્ચ અંગેની વિગતો માંગી હતી, જેનો જવાબ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા આપવામાં આવ્યો છે.


આરોગ્ય અને પરિવાર કલ્યાણ રાજ્ય મંત્રી ડો. ભારતી પ્રવીણ પવાર દ્વારા આપવામાં આવેલા જવાબમાં એવું કહેવામાં આવ્યું હતું કે રસીકરણ એ સતત અને વ્યાપક પ્રક્રિયા છે. ઓગસ્ટ ૨૦૨૧થી ડિસેમ્બર ૨૦૨૧ સુધીમાં કુલ ૧૩૫ કરોડ ડોઝ ઉપલબ્ધ થવાનો અંદાજ છે અને ૧૮ વર્ષથી વધુની ઉંમર ધરાવતા લોકોનું રસીકરણ ડિસેમ્બર ૨૦૨૧ સુધીમાં થઈ જશે.

સ્વદેશી રસીની ખરીદી અને અત્યાર સુધીના ખર્ચ અંગેના સવાલ પર રાજ્ય મંત્રી ડો.ભારતી પ્રવીણ પવારે જણાવ્યું હતું કે દેશી રસી બનાવતી કંપનીઓ સાથે ખરીદી કરવામાં કોઈ વિલંબ થયો નથી. કંપનીઓને આપેલા સપ્લાય ઓર્ડર માટે પણ એડવાન્સ પેમેન્ટ કરવામાં આવ્યું છે. તેમણે જણાવ્યું હતું કે રસી અને રસીકરણ ડ્રાઈવ પર રૂ. ૯૭૨૫.૧૫ કરોડ ખર્ચ કરવામાં આવ્યા છે.

જણાવી દઈએ કે, મંગળવારે કેન્દ્ર સરકારે રાજ્યસભામાં કહ્યું હતુ કે, બીજી લહેર દરમિયાન રાજ્યોએ ઓક્સિજનના અભાવથી કોઈના મોતની માહિતી આપી નથી. સરકારના આ જવાબને લઈને ભારે હોબાળો મચી ગયો હતો. કેન્દ્રીય આરોગ્ય રાજ્ય મંત્રી વિરુદ્ધ વિશેષાધિકારનો પ્રસ્તાવ સુધી વાત પહોંચી ગઈ હતી.

કોરોનાને લઈ સુઓમોટો પર ગુજરાત હાઈકોર્ટે આપ્યો ચુકાદો

# રૂપાણી સરકાર ત્રીજી લહેર સામે લડવાની તૈયારી કરેઃ હાઈકોર્ટ



અમદાવાદ, ગુજરાતમાં કોરોનાની ગંભીર સ્થિતિ સર્જાયા બાદ ગુજરાત હાઈકોર્ટે સુઓમોટો અરજી પર આજે ચુકાદો આપ્યો છે. જેમાં ગુજરાત હાઈકોર્ટે રાજ્ય સરકારને રસીકરણથી લઈ હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રક્ચર વધારવા સહિતના અનેક આદેશ આપ્યા છે. આ ઉપરાંત હાઈકોર્ટે લોકોને પણ માસ્ક બાબતે ગંભીરતા દાખવવા અને રસી લેવા માટે જણાવ્યું છે.

ગુજરાત હાઈકોર્ટે સુઓમોટો ચુકાદો આપતાં જણાવ્યું કે, આ રોગ જેવો આપણે માનીએ છીએ તેવો નથી. માસ્ક બાબતે સરકાર અને લોકો હવે ગંભીર બને તેમ પણ હાઈકોર્ટે કહ્યું હતું. સાથે રાજય સરકાર રસીકરણ પર સૌથી વધુ ધ્યાન આપે તેવું હાઈકોર્ટે જણાવ્યું હતું.

સાથે જ હાઈકોર્ટે ૧૮વર્ષથી નીચેના બાળકો માટે સરકાર ચિંતા કરે તેમ જણાવ્યું હતું. ઈ-ઝઈ ટેસ્ટ પર રાજ્ય સરકાર ધ્યાન આપે, દિવ્યાંગો માટે ડોર ટુ ડોર વેક્સિન આપવા પણ હાઈકોર્ટે આદેશ કર્યો હતો. સાથે જ હાઈકોર્ટે ગુજરાત સરકારને ત્રીજી લહેરમાં બાળકો માટે ખાસ વ્યવસ્થા કરવા માટે કહ્યું છે.

તેમજ રસી અંગે જાગૃતિનો અભાવ હોવાનું હાઈકોર્ટે અવલોકન કર્યું છે. અને હાઈકોર્ટે ગ્રામ્ય વિસ્તારમાં જાગૃતિ, રસીકરણ પર ભાર મૂકવા માટે જણાવ્યું છે. તેમજ ઓક્સિજનના પ્લાન્ટ તૈયાર રાખવા સરકારને હાઈકોર્ટે આદેશ કર્યો છે. ડોક્ટર નર્સ અને પેરા મેડીકલ સ્ટાફની અછત ના રહે તે માટે સરકાર કાયમી ભરતી અંગે વિચારણા કરે તેમ પણ હાઈકોર્ટે જણાવ્યું હતું.

સાથે જ હાઈકોર્ટ દ્વારા દિવ્યાંગો માટે ડોર ટુ ડોર વેક્સીનની વ્યવસ્થા કરવા આદેશ કરાયો છે. તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં વેક્સીનેશનને લઈને લોકોમાં જાગૃતિનો અભાવ હોવાનું હાઈકોર્ટ દ્વારા અવલોન કરાયું. ત્યારે હાઈકોર્ટે સૂચના આપી કે, સરકાર ગ્રામ્ય વિસ્તારોમાં વેક્સીનેશન પર ભાર આપે અને જાગૃતિ લાવે. ઓક્સિજનની અછત ના વર્તાય તે માટે પ્લાન્ટ તૈયાર રાખવા રાજ્ય સરકારને હાઈકોર્ટ દ્વારા આદેશ અપાયો છે. ડોક્ટર નર્સ અને પેરા મેડીકલ સ્ટાફની અછત ના રહે તે માટે સરકાર કાયમી ભરતી અંગે વિચારણા કરે તેવુ હાઈકોર્ટે કહ્યું. સાથે જ પીએચસી-સીએચસીમાં જરૂરી તમામ સાધનો વસાવી તેને અદ્યતન બનાવવા સૂચનો આપ્યા. હાઈકોર્ટે કહ્યું કે, કોરોના જેવી મહામારીમાં ટેલી કન્સલ્ટિંગ એક મહત્વનો ભાગ ભજવી શકે છે તો તે અંગે વ્યવસ્થા કરવા સરકાર વિચારે.

# પેગાસસ જાસૂસી કાંડઃ રાહુલ ગાંધીએ અમિત શાહનું રાજીનામું માંગ્યું



ન્યુ દિલ્હી, ઈઝરાયેલી સ્પાયવેયર પેગાસસ દ્વારા જાસૂસીનો વિવાદ અટકવાનું નામ જ નથી લેતો. આ મુદ્દે શુક્રવારે કોંગ્રેસનેતા રાહુલ ગાંધીએ મોદી સરકાર પર આકરા પ્રહાર કરીને ગૃહમંત્રી અમિત શાહનું રાજીનામું માગ્યું છે. રાહુલે કહ્યું હતું કે મારો ફોન ટેપ કરવામાં આવ્યો છે. આ મારી પ્રાઈવસીનો મુદ્દો નથી. હું જનતાનો અવાજ ઉઠાવું છું. નરેન્દ્ર મોદીએ આ હથિયારનો આપણા દેશ વિરુદ્ધ ઉપયોગ કર્યો છે. ગૃહમંત્રીએ રાજીનામું આપવું જોઈએ. વડાપ્રધાન અને ગૃહમંત્રાલય સિવાય કોઈ એ એપ્લાઈ કરી શકે નહીં.

કોંગ્રેસનેતાએ કહ્યું હતું કે પેગાસસને ઈઝરાયેલી સરકારે હથિયાર તરીકે ક્લાસિફાઈ કર્યું છે. આપણા વડાપ્રધાન અને ગૃહમંત્રીએ લોકતંત્ર વિરુદ્ધ એનો ઉપયોગ કર્યો છે. આ જનતાના અવાજ પર આક્રમણ છે. તેમણે કહ્યું હતું કે સવાલ એ નથી કે અનિલ અંબાણીનો ફોન ટેપ થયો. સવાલ એ છે કે જયારે સીબીઆઈ ફરિયાદ નોંધવાની હતી તેના એક કલાક પહેલાં સીબીઆઈ નિર્દેશકનો ફોન ટેપ કરીને તેમને બ્લેકમેઈલ કરવામાં આવ્યા.

રાહુલે કહ્યું- ઈન્ટેલિજન્સના ઘણા અધિકારી મને કહી ચૂક્યા છે કે સર તમારો ફોન ટેપ થઈ રહ્યો છે. મારા મિત્રોને કહેવામાં આવે છે કે રાહુલ ગાંધીને કહી દેજો કે તેમણે ફોન પર આ વાત કરી હતી, પરંતુ હું ડરતો નથી અને મને કોઈ ફેર નથી પડતો.

રાહુલે કહ્યું હતું કે પેગાસસ જાસૂસીનું સોફ્ટવેર છે. ભારતમાં પેગાસસ હથિયારમાં કેટેગરાઈઝ કરવામાં આવ્યું છે. સુપ્રીમ કોર્ટ અને રાફેલની તપાસ રોકવા માટે પેગાસસનો ઉપયોગ કરવામાં આવ્યો છે. ગૃહમંત્રી અને નરેન્દ્ર મોદી વિરુદ્ધ કાયદાકીય તપાસ થવી જોઈએ.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 283

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## શહેરા તાલુકાના શેખપુર ગામે ખેડુત મકાઈની ખેતીમાં ઉગાડેલ ગાંજાના છોડ ૬.૫૯ લાખના જથ્થો SOG પોલીસે ઝડપ્યો

શહેરા,

પંચમહાલ જિલ્લાના ખેડૂતો જાણે લીલા ગાંજાની ખેતી તરફ વળ્યા હોય તેમ લાગી રહ્યું છે. ત્યારે શહેરાના શેખપુર ગામના જોધપુર ફળિયામાં આવેલ એક ખેડૂત એ પોતાના ખેતરમાં મકાઈની ખેતી વચ્ચે ગાંજાના છોડ ઉગાડયાં હતા. પોલીસે માહિતીના આધારે ખેતરમાં તપાસ કરીને રૂપિયા ૬,૫૯,૭૦૦ના ૬૫ કિલો ૯૭ ગ્રામ લીલો ગાંજા સાથે ખેડૂતને પકડી પાડયો હતો. પોલીસે આ મામલે ખેડૂત સામે


તસ્વીર : તુષાર દરજી, શહેરા

એન.ડી.પી.એસ એકટ હેઠળ ગુનો દાખલ કરી ને વધુ તપાસના ચક્રોગતિમાન કર્યા છે.

### શહેરા તાલુકામાં ખેડુતો કમાવવાની લ્હાયમાં ગાંજાની ખેતી તરફ વળ્યા

શહેરા તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં રહેતા ખેડૂતો ખેતી તરફ વળ્યા છે. ત્યારે તાલુકાના શેખપુર ગામના જોધપુર ફળિયામાં રહેતા રમેશ અમલાભાઈ ખાંટ નામના ખેડૂતને ગાંજાની ખેતી કરવી ભારે પડી હતી. ખેડૂતે પોતાના ખેતરમાં મકાઈની ખેતી વચ્ચે ગાંજાનો છોડનું વાવેતર કરેલ હતું. જેની માહિતી એસ.ઓ.જી પોલીસ મથકના પી.આઈ. એમ.પી.પંડ્યા ને મળી હતી. મળેલ માહિતીને હકીકત ગણીને તેઓ તેમના સ્ટાફ સાથે રમેશ ખાંટના ઘર પાસે આવેલ ખેતરમાં પહોંચી ગયા હતા. ખેતરની અંદર તપાસ કરતા ગાંજાના છોડનું વાવેતર કરેલ જોવા મળતા પોલીસ તંત્ર દ્વારા કાયદેસરની કાર્યવાહી હાથધરીને સ્થળ ઉપર જ લીલા ગાંજાનું વજન કરતા ૬૫ કિલો ૯૭ ગ્રામ વજન થયેલ હતું. જ્યારે ઉત્પાદન થકી સારી આવક મેળવી દેવામાંથી બહાર નીકળવાના ખેડૂત ના પ્રયત્નો ઉપર પોલીસે પાણી ફેરવી દીધું હતું. હાલ તો પોલીસે ખેડૂત રમેશ અમલાભાઈ ખાંટની અટક કરીને ગાંજાના છોડ સાથે પોલીસ મથક ખાતે લાવવામાં આવ્યા હતા. પોલીસે ખેતરમાં ગાંજો ઉગાડનાર ખેડૂતની પૂછપરછ હાથ ધરવામાં આવી હતી. ખેડૂત પોતાના ખેતરમાં ગાંજો ઉગાડવા માટે તેના બીજ ક્યાંથી લાવ્યો હતો. તે દિશામાં પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો હતો. જ્યારે પોલીસે ૬૫ કિલો ૯૭ ગ્રામ લીલા ગાંજાની કિંમત રૂપિયા ૬,૫૯,૭૦૦ સાથે ખેડૂત રમેશ ખાંટને જેલના સળિયા ગણતો કરી દીધો હતો. ઉલ્લેખનીય છે કે, પકડાયેલ ગામ સહિત આસપાસના ગામોમાં કોઈ ગાંજાની ખેતી કરે છે કે નહી તે દિશામાં ગુપ્ત રાહે તપાસનો દોર પોલીસ શરૂ કરે તો નવાઈ નહી. જ્યારે નાનકડા શેખપુર ગામ સહિત આજુબાજુના ગામમાં બનેલ બનાવને લઈને ખળભળાટ મચી જવા પામી હતી.

## કાલોલ ગોમાનદીના પટમાંથી દશ લાખના મુદ્દામાલના બે ટ્રેક્ટરો ગોધરા ખાણ ખનિજ વિભાગે ઝડપી પાડતા ખનિજ માફીયાઓમાં ફફડાટ

કાલોલ,

કાલોલ નગર વિસ્તાર પાસેથી પસાર થતી ગોમાનદીમાં ઘણાં લાંબા સમયથી ખનિજ માફીયાઓ દ્વારા બેફામ રીતે રેતીનું ખનન સ્થાનિક તંત્ર અને ખનીજ વિભાગની આંખમાં ધુળ નાખવામાં ખનિજ માફીયાઓ માહીર હતાં. પરંતુ ગોધરા ખાણ ખનિજ વિભાગે કાલોલ દોલતપુરા ગોમા નદીમાં ખનન કરતા ખનિજ માફીયાઓ સામે લાલ આંખ કરતાં શુક્રવારની વહેલી સવારે ગોમા નદીના પટમાં અચાનક ત્રાટકી પડતાં બે ટ્રેક્ટરો ઝડપી પાડ્યાં હતાં. બંધ ટ્રેક્ટરના માલિકો દ્વારા કોઈ


તસ્વીર : જયવીર સોલંકી, કાલોલ

પણ પ્રકારની પાસ પરમીટ વગર ગેરકાયદેસર રીતે રેતીનું ખનન કરી પોતાના જીવનમાં હરીયાળી કરતાં હોય તેવું લાગી રહ્યું છે. ગેરકાયદેસર રીતે રેતીનું ખનન કરતા ખનિજ માફીયાઓના ટ્રેક્ટરો ઝડપી પાડતાં માફીયાઓના વચોટીયાઓ નદીનાં પટમાં દોડી જઈ કાલાવાલા કરવાં છતાં ખનિજ વિભાગના અધિકારીઓએ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. જેની લોક ચર્ચાઓ કાલોલ નગરમાં ફેલાઈ હતી. આખરે ખાણ ખનિજ વિભાગ દ્વારા અંદાજીત દશ લાખનો મુદ્દામાલ જપ્ત કરીને કાલોલ મામલતદાર કચેરી ખાતે બંને ટ્રેક્ટર સીઝ કરી વધુ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જોકે, ખાણ ખનિજ વિભાગ દ્વારા ખનન થયેલા સ્થળનું ચોક્કસપણે માપ લઈને ખનિજ માફીયાઓમાં કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવે તેવી લોક માંગ ઉપસ્થિત થઈ છે.

## શહેરા તાલુકાના પરીક્ષા કેન્દ્રોમાં રીપીટર વિદ્યાર્થીઓની પરીક્ષા સ્થળોની DEO એ મુલાકાત લીધી

શહેરા,

શહેરા નગર અને તાલુકામાં આવેલા પરીક્ષા કેન્દ્રો ખાતે ધોરણ ૧૦ અને ૧૨ની રીપીટર વિદ્યાર્થીઓની બોર્ડની પરીક્ષા શાંતિપૂર્ણ માહોલમાં ચાલી રહી છે. જિલ્લા શિક્ષણાધિકારી બી.એસ.પંચાલ દ્વારા વિવિધ પરીક્ષા કેન્દ્રો ખાતે મુલાકાત લીધી હતી.

શહેરા તાલુકામાં બોર્ડની ધોરણ–૧૦ અને ૧૨ની રીપીટર વિદ્યાર્થીઓની પરીક્ષા શાંતિપૂર્ણ માહોલમાં ચાલી રહી છે. નગર અને તાલુકામાં આવેલા વિવિધ પરીક્ષા કેન્દ્રો ખાતે કોરોનાના ગાઈડ લાઈનનું ચુસ્તપણે પાલન કરવામાં આવી રહયું છે. પરીક્ષા કેન્દ્ર ખાતે આવતા પરીક્ષાર્થીઓને હાજર સ્ટાફ દ્વારા થર્મલ ગનથી ટેમ્પરેચર ચેક કરવા સાથે હેન્ડ સેનેટાઈઝર કરીને પ્રવેશ આપવામાં આવી રહયો હતો. બોર્ડની પરીક્ષા આપતા પરીક્ષાર્થીઓ માસ્ક પહેરીને એક પાટલી પર એક પરીક્ષાર્થી પેપર આપી રહયા છે. જિલ્લા શિક્ષણાધિકારી બી.એસ. પંચાલ એ એસ.જે.દવે.હાઈસ્કુલ, જે.જી.સ્કૂલ સહિત તાલુકાના અન્ય પરીક્ષા કેન્દ્રો ખાતે મુલાકાત લીધી હતી. તાલુકામાં ચાલી રહેલી બોર્ડની પરીક્ષા પોલીસના ચુસ્ત બંદોબસ્ત વચ્ચે યોજાઈ રહી છે.

## રીંછવાણી કબીર મંદિરે ગુરૂપૂર્ણિમા મર્યાદિત ભક્તોની હાજરીમાં ઉજવાઈ



ગોધરા,

પંચમહાલ જિલ્લાના રીંછવાણી ખાતે આજરોજ ગુરૂપૂર્ણિમાની ઉજવણી સરકારની કોરોના ગાઈડ લાઈન અનુસાર ઉજવવામાં આવી હતી. પંચમહાલ દાહોદના કબીર પંથી લોકો હાજર રહી ગુરૂ પૂજન કરી આશીર્વાદ મેળવ્યા હતા. આજરોજ કબીર મંદિર રીંછવાણી ખાતે મોટા મહંત મનહરદાસબાપુ તેમજ મહંત રોહિતદાસબાપુની હાજરીમાં ગુરૂપૂર્ણિમાની ઉજવણી કરવામાં આવી હતી. સાથે સાથે આજરોજ થોડા સમય પહેલા સતલોકવાસી મહંત સહદેવદાસજી સાહેબના ભંડારાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું તેમજ સહદેવ દાસના પુત્રને સાધુભેખ આપીને હરિકિશનદાસ નામ આપવમાં આવ્યું હતું. આજરોજ ઉજવાયેલા આ પાવન પ્રસંગમાં ભક્તિનો ત્રિવેણી સંગમ યોજાયો હતો અને કબીર પંથી ભક્તો એ કોરોનાની ગાઈડ લાઈને અનુસરીને ગુરૂપૂજન અને ભંડારાનો લાભ લીધો હતો.

## આમ આદમી પાર્ટી દ્વારા રજુઆત કરતા કાલોલ તાલુકાના ચલાલી ગામે બે જ કલાકમાં હેડપંપ રીપેરીંગ કરવામાં આવ્યા



કાલોલ,

ચલાલી ગ્રામ પંચાયતમા જાંબુડી નીલકંઠ મહાદેવ મંદિર પાસે આવેલ હેડપંપ બંધ હાલતમાં હતો અને હાલ ગૌરી વ્રત ચાલી રહ્યું છે. તેઓ મંદિરે રોજ પૂજા કરવા માટે આવે છે. તેઓને નીલકંઠ મહાદેવની સેવા કરવા માટે શિવલિંગ ઉપર જળાભિષેક કરવા માટે પાણીની જરૂર પડતી હોઈ છે અને આજુ બાજુના ઘરોના લોકોને પણ આ હેડપંપનો ઉપયોગ કરે છે. ત્યારે આ હેડપંપ બંધ હાલતમાં હોવાનું જાણવા મળતા આમ આદમી પાર્ટી કાલોલ પ્રમુખ દ્વારા તાત્કાલિક તાલુકા વિકાસ અધિકારીને રજૂઆત કરતા તાત્કાલિક એકશનમાં આવી નીલકંઠ મહાદેવ મંદિર પાસે આવેલ હેડપંપનું બે જ કલાક રીપેરીંગ કામ કાપવામાં આવ્યું.

## ગોધરા ચાલુ ટેમ્પા માંથી જ કાર્ટુન વિમલની ચોરી થતાં ફરિયાદ

ગોધરા,

ગોધરા લાલબાગ ટેકરી થી વાવડ બુઝર્ગ સુધીના રસ્તામાં પીયાગો ટેમ્પા માંથી વિમલના કાર્ટુન નંગ–૪ કિંમત ૨૫,૫૦૦/–રૂપીયાની ચોરી થઈ જતાં ફરિયાદ.



પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા વાવડી (બુ) ખાતે રહેતા જયરાજ રાજ પુરોહિત પોતાના પીયાગો ટેમ્પામાં વિમલના કાર્ટુન ભરીને જઈ રહ્યો હતો. ત્યારે બસ સ્ટેશન થી વાવડી સુધીના માર્ગ ઉપર કોઈ અજાણ્યા ચોર ઈસમે ચાલુ ટેમ્પામાંથી નંગ–૪ કાર્ટુન વિમલના કિંમત ૨૫,૫૦૦/–રૂપીયાની ચોરી કરેલ હોય આ બાબતે ગોધરા એ ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## ગોધરા કોમર્સ કોલેજમાં ગુરૂપૂર્ણિમાની ઉજવણી કરાઈ


તસ્વીર : આસીફ ઘંત્યા, ગોધરા

ગોધરા,

કોમર્સ કોલેજ ગોધરા ખાતે ગુરૂપૂર્ણિમા ઉત્સવની ઉજવણી કરાઈ શ્રી સાર્વજનિક કોમર્સ કોલેજ ગોધરા ના એન.એસ એકમ દ્વારા આજરોજ ગુરૂપૂર્ણિમા ઉત્સવની ગુરૂનું પૂજન કરીને શાનદાર ઉજવણી કરાઈ હતી.આ પ્રસંગે કોમર્સ કોલેજ ગોધરા ના પ્રિન્સિપાલ અરુણસિંહ સોલંકીએ વિદ્યાર્થીઓને ગુરૂનું જીવનમાં શું મહત્વ છે તે વિશે સમજૂતી આપી હતી. સાથે સાથે ગુરૂપૂર્ણિમા વિશે વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરાયું હતું. જેમાં બીજા વર્ષના ઉત્સાહભેર ભાગ લઈ પોતાના વિચારો રજૂ કર્યા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન કોલેજના એનએસએસ વિભાગ દ્વારા કરવામાં આવ્યું હતું. ભાગ લેનાર વિદ્યાર્થીઓમાંથી શ્રેષ્ઠ વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર આપી સન્માનવામાં આવશે આ અગાઉ કોલેજના વિદ્યાર્થીઓએ કેક કાપી પોતાના પ્રિય ગુરૂજીઓનું સન્માન કર્યું હતું સાથે સાથે પુષ્પગુચ્છ દ્વારા તથા પુષ્પ દ્વારા ગુરૂનું સન્માન કર્યું હતું.

## શહેરા તાલુકા પંચાયતના નેતા જે.બી. સોલંકીએ કોંગ્રેસમાંથી પોતાના રાજીનામાની વાતને માત્ર અફવા ગણાવી

શહેરા,

પંચમહાલ જીલ્લાના શહેરા તાલુકાના વાડી તાલુકા પંચાયત સીટના કોંગ્રેસના વિજેતા ઉમેદવાર અને વિરોધપક્ષના નેતા જે.બી. સોલંકીએ કોંગ્રેસપક્ષમાથી રાજીનામું આપ્યુ હોવાના સમાચારો વહેતા થયા હતા. જેને હાલમાં જ તડીપાર થયેલા જે.બી.સોલંકીએ વિડીઓ મેસેજ દ્વારા પોતાનું કોંગ્રેસ માંથી રાજીનામા આપવાની માંગને માત્રને માત્ર અફવા ગણાવી હતી.જે.બી. સોલંકીએ રાજીનામું આપ્યું હોવાના અહેવાલને લઈને કોંગ્રેસ પક્ષ તરફથી કોઈ સપોર્ટ ન મળતો હોવાની વગેરે અનેક ચર્ચાઓ વહેતી થઈ હતી.જેને લઈને રાજીનામું આપ્યું હોવાનો મેસેજ ફરતો થયો હતો. જોકે તડીપાર થયેલા જે.બી. સોલંકીએ વિડીઓ સંદેશ દ્વારા કોંગ્રેસમાંથી રાજીનામાની વાતને અફવા ગણાવી હતી અને તેમને જણાવ્યું હતું કે, હું જીવતો છું ત્યાં સુધી કોંગ્રેસમાં જ રહેવાનો છું. મારા છેલ્લા શ્વાસ સુધી કોંગ્રેસમા રહેવાનો છું.જે.બી. સોલંકીને સાત જીલ્લામાંથી તડીપાર કરવાનો શહેરા પ્રાન્ત કચેરી દ્વારા આદેશ આપવામા આવ્યો હતો.

## હાલોલમાં સરકારી દુકાનોમાં અનાજનો જથ્થો આપવા જતી ટ્રકને અકસ્માત નડ્યો


તસ્વીર : નરેન્દ્ર પરમાર, હાલોલ

હાલોલ,

હાલોલ પૂરવઠા ગોડાઉનમાંથી હાલોલ તાલુકાના સરકારી દુકાન વ્યાજબી ભાવની સસ્તા દુકાનોમાં પુરવઠો પૂરો પાડવા માટે હાલોલ ગોડાઉનમાંથી સરકારી ઘઉ–ચોખાનો જથ્થો કઠોલા ખાતે જઈ રહેલ ટ્રકને ગોકળપુરા અકસ્માત નડતા ટ્રકમાં બેઠેલા પાંચ ઈસમોને ગંભીર ઈજાઓ થતા તેઓને હાલોલની રેફરલ હોસ્પિટલ ખાતે પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર અર્થે વડોદરા રીફર કરવામાં આવ્યા હતા. પ્રાપ્ત માહિતી મુજબ હાલોલના સરકારી અનાજના ગોડાઉનમાંથી સરકારી અનાજ ઘઉં–ચોખા વિગેરેની ટ્રક ભરી હાલોલ તાલુકાના કઠોલા તેમજ વાંકડિયા ગામે આવેલ સરકારી સસ્તા ભાવની અનાજની દુકાનમાં સરકારી અનાજનો જથ્થો આપવા જતી ટ્રક ને ગોકળપુરા ગામ નજીક ટ્રક ચાલકે આગળ ચાલતા બાઈક સ્વરને બચાવવા જતા સ્ટેરીંગ પરનો કાબૂ ગુમાવતા ટ્રક રોડની સાઈડમાં પલટી ખાઈને પડી જતા અનાજના કટ્ટા ગમે તેમ પડી ગયા હતા જ્યારે ટ્રકમાં સવાર કિરીટ અભેસિંગ નાયક, સુનિલ માધુભાઈ નાયક, શનાભાઈ શાભાઈ નાયક, ધર્મેન્દ્ર દિલીપ નાયક, દિપક અર્જુનભાઈ રથોડીયાનાઓને ગંભીર ઈજાઓ થવા પામી હતી. અકસ્માત પગલે ગામલોકો ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને ૧૦૮ એમ્બ્યુલન્સને ફોન કરી ઈજાગ્રસ્તો ને તાત્કાલિક હાલોલ રેફરલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા જ્યાં તેઓને પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર અર્થે વડોદરા રીફર કરવામાં આવ્યા હતા જ્યારે બનાવને પગલે પુરવઠા અધિકારી સહિત વહીવટી તંત્ર ઘટના સ્થળે દોડી આવ્યા હતા.

## પંચમહાલ જીલ્લા ભાજપ દ્વારા ગુરૂ પુર્ણિમાએ ગુરૂ પૂજનનો કાર્યક્રમ યોજાયો


તસ્વીર : કમલ પંચાલ, ગોધરા

ગોધરા,

ભારતીય સંસ્કૃતિમાં ગુરૂપૂજનનો ઘણો મહિમા હોય છે. જ્યારે ભારતીય જનતા પાર્ટી પણ ભારતીય સંસ્કૃતિમાં આદરભાવ રાખનારી પાર્ટી છે. ત્યારે આજ રોજ ગુરૂપૂર્ણિમાના પાવન પર્વે ભારતીય જનતા પાર્ટી દ્વારા ઠેરઠેર ગુરૂપૂજનના કાર્યક્રમ યોજાયા હતા. પંચમહાલ જિલ્લા ભારતીય જનતા પાર્ટી દ્વારા પણ ગુરૂપૂર્ણિમાના પાવન પર્વે ગુરૂપૂજનના કાર્યક્રમો યોજાયા હતા. જેમાં ગોધરાના સ્વામિનારાયણ મંદિર ખાતે ભાજપના અગ્રણીઓની હાજરીમાં ગુરૂપૂજનનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં પંચમહાલ જિલ્લા ભાજપના પ્રમુખ અશ્વિનભાઈ પટેલ, નગરપાલિકા પ્રમુખ સંજયભાઈ સોની, ગોધરા શહેર ભાજપ પ્રમુખ દિલીપભાઈ દસાડીઆ, માલવદીપસિંહ રાઉલજી તથા અનેક અગ્રણીઓએ ગુરૂ પૂજન કરી આશીર્વાદ પ્રાપ્ત હતા.

## પાવાગઢ મંદિર દિવાલ ધારાશાઈ થવાના સમાચારને મંદિર ટ્રસ્ટ રદિયો આપ્યો

પાવાગઢ,

પાવાગઢ યાત્રાધામ ખાતે નીજ મંદિર પરિસરની પાછળની દિવાલનું બાંધકામ ચાલી રહ્યું છે. ત્યારે દિવાલ ધારાશાઈ થયાના સમાચાર પ્રસિદ્ધ થયા છે. તેના મંદિરના ટ્રસ્ટીઓએ ખુલાસો કર્યો જે દિવાલનું બાંધકામ થતું હતું. તે લાઈન (ચુના) અને કોંક્રીટ થી બાંધકામ થતું હતં. તે સુકાતા ત્રણ થી ચાર દિવસ લાગતા હોય છે. પરંતુ વરસાદી સીજનને ધ્યાનમાં લઈ ટ્રસ્ટ દ્વારા દિવાલ ઉતારી લેવાનો નિર્ણય લેવામાં આવ્યો.


તસ્વીર : નીલેશ જોષી, પાવાગઢ

### દિવાલ પડી નથી પાડવામાં આવી છે

પાવાગઢ યાત્રાધામના રિનોવેશન અને નવિનીકરણની કામગીરી કરવામાં આવી રહી છે. જેના ભાગરૂપે પાવાગઢ નીજ મંદિર પરિસરની પાછળ દાદરની દિવાલનું બાંધકામ કરવામાં આવી રહ્યું હતું. દિવાલના બાંધકામમાં લાઈમ ચુનો અને કોંક્રીટનો ઉપયોગથી ચણતર કરાઈ રહ્યું હતું. લાઈમ ચુનાના બાંધકામને સુકાતા ત્રણ થી ચાર દિવસ લાગતો હોય છે. હાલ ચોમાસાની સીજનને લઈ ચણતર સુકાતા વાર લાગે તેમ હોય જેને લઈ મંદિર ટ્રસ્ટ દ્વારા દિવાલને ઉતારી લેવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. મંદિર પરિસરની દિવાલ ધારાશાઈ થયાના સમાચાર ખોટો અને તથ્ય વગરના હોવાનો મંદિર ટ્રસ્ટ દ્વારા ખુલાસો કરવામાં આવ્યો.